# ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ

**પરિપત્ર :–**

**વિષય: ઓનલાઈન શૈક્ષણિક કાર્યના આયોજન બાબત**
**સંદર્ભ: ૧)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃકરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧ તા.૨૪/૦૫/૨૦૨૦**
**૨)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃકરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ–૧ તા.૦૩/૦૬/૨૦૨૦**

ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ અને અનુસ્નાતક કેન્દ્રોના વડાઓ, અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા તમામ અધ્યાપકોને જણાવવાનું કે સંદર્ભ ઠરાવ ૧ અને ૨થી રાજય સરકારશ્રી દ્વારા હાલ **Novel Corona Virus** (COVID -19) વૈશ્વિક મહામારીને ધ્યાને લઈ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ના સેમેસ્ટર ૩,૫ અને ૭નું શૈક્ષણિક કાર્ય Online માધ્યમ દ્વારા તા.૨૧/૦૬/૨૦૨૦થી શરૂ કરવા સુચના આપવામાં આવેલ છે, જે ધ્યાને લઈ તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/ અનુસ્નાતક ભવનો દ્વારા તા.૨૨/૦૬/૨૦૨૦થી ઓનલાઈન શૈક્ષણિક કાર્ય થાય તે પ્રમાણે આયોજન કરી અમલવારી કરવા જણાવવામાં આવે છે.

- સંબંધિત કોલેજો દ્વારા શૈક્ષણિક કાર્ય Online માધ્યમ દ્વારા આયોજન કરી કોલેજમાં સ્નાતક કક્ષાના સેમેસ્ટર ૩, ૫ અને ૭(સંબંધિત ફેકલ્ટી અનુસાર દા.ત.આર્ટસ, કોમર્સ, સાયન્સ, મેડીસીન, શિક્ષણશાસ્ત્ર, કાયદા) તથા અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર ૩માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જાણ કરવાની રહેશે અને તા.૨૨/૦૬/૨૦૨૦થી વિદ્યાર્થીઓ સાથે ઓનલાઈન શિક્ષણકાર્ય થાય તેવી વ્યવસ્થા ગોઠવવી.
- **Novel Corona Virus** (COVID -19) મહામારીની પરિસ્થિતી નિયંત્રણમાં આવે અને સમગ્રપણે પરિસ્થિતી અનુકુળ જણાય તેમજ રાજય સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા અન્ય સુચનાઓ આપવામાં આવે ત્યારબાદ જ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનો ખાતે શૈક્ષણિક કાર્ય (ફિઝીકલ કલાસ) ચલાવવાની કાર્યવાહી હાથ ધરવી.
- Online માધ્યમ દ્વારા આપવામાં આવનાર શૈક્ષણિક કાર્યનું આયોજન (ટાઈમ ટેબલ)તૈયાર કરી યુનિવર્સિટીના એકેડેમિક વિભાગ ખાતે સત્વરે રજૂ રાખવા જણાવવામાં આવે છે.
- રાજય સરકારશ્રી દ્વારા વખતોવખત પ્રસિધ્ધ કરવામાં આવેલ માર્ગદર્શીકાનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

**કા. કુલસચિવ**

નં. : બીકેએનએમયુ/રજી/શૈ.કા/૩૦૨/૨૦૨૦
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ, ખડીયા, જુનાગઢ.
તા. ૦૯/૦૬/૨૦૨૦

**પ્રતિ,**
ભકતકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજના આચાર્યશ્રીઓ/પી.જી.સેન્ટરના વડાશ્રીઓ,અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ તથા તમામ વિદ્યાર્થીઓ તરફ...

**નકલ સાદર રવાના :–**
૧.માન.કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
**નકલ સાદર રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે**
૧. એકેડેમિક વિભાગ
૨. આઈ.ટી.સેલ(વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવા અર્થે)